Extra No. 129 REGISTERED NO. G/GNR/2

©

# The Gujarat Government Gazette

# EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

Vol. XXVII] TUESDAY, NOVEMBER 25, 1986/AGRAHAYANA 4, 1908

Separate paging is given to this Part in order that it may be filed as a separate Compilation.

## PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી નવેમ્બર, ૧૯૮૬.

તારીખ ૧૯મી નવેમ્બર ૧૯૮૬ના ગુજરાત રાજપત્ર, ભાગ-૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૮૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

શ. ન. મહેતા,
સરકારના નાયબ સચિવ.

## GUJARAT ACT NO. 31 OF 1986.

## THE GUJARAT LOKAYUKTA ACT, 1986.

ગુજરાત વિધાનમંડળના નીચેના ગુજરાત અધિનિયમને રાષ્ટ્રપતિએ સન ૧૯૮૬ના નવેમ્બર મહિનાની ૧૨મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

જે. બી. વસાવડા,
ગુજરાત સરકારના કાયદા વિભાગના
સચિવ,

## GUJARAT ACT NO. 31 OF 1986.

*AN ACT*

*to make provision for the appointment of Lokayukta for the investigation of allegations against public functionaries in the State of Gujarat, and also for safeguarding the dignity and prestige of public functionaries against false and frivolous allegations and for matters connected therewith.*

### સન ૧૯૮૬નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩૧

(રાષ્ટ્રપતિની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૮૬ના નવેમ્બર મહિનાની ૧૯મી તારીખે "ગુજરાત રાજપત્રમાં" (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિધ્ધ કરેલો).

ગુજરાત રાજ્યમાં જાહેર હોદ્દેદારો સામે આક્ષેપોની તપાસ કરવા લોકાયુક્તની નિમણૂક કરવા માટે અને ખોટા અને ક્ષુલ્લક આક્ષેપો સામે જાહેર હોદ્દેદારોની પ્રતિષ્ઠા અને ગૌરવનું પણ રક્ષણ કરવા માટે અને તેની સાથે સંકળાયેલી બાબતો માટે જોગવાઈ કરવા બાબત અધિનિયમ.

આથી, ભારતના ગણરાજ્યના સાડત્રીશમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :—

ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬' કહેવાશે.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે અને ગુજરાત રાજ્યની બહારના જાહેર હોદ્દેદારોને પણ તે લાગુ પડે છે.

(૩) રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, નક્કી કરે તે તારીખે તે અમલમાં આવશે.

વ્યાખ્યાઓ.

૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો—

(૧) "પગલું" એટલે આ અધિનિયમના આરંભ પહેલાં કે તે પછી, નિર્ણય, ભલામણ અથવા નિષ્કર્ષ અથવા બીજી કોઈ રીતે લીધેલું પગલું અને તેમાં પગલું નહિ લેવાનો સમાવેશ થાય છે, અને પગલું સૂચવતા અન્ય તમામ શબ્દપ્રયોગોનો અર્થ તદનુસાર કરવો ;

(૨) જાહેર હોદ્દેદારના સંબંધમાં અને તેણે લીધેલ કોઈ પગલાંના સંદર્ભે "આક્ષેપ" એટલે એવા જાહેર હોદ્દેદાર, જાહેર હોદ્દેદાર તરીકેની પોતાની હેસિયતમાં,—

(ક) ભ્રષ્ટાચાર માટે દોષિત છે અથવા તેનામાં કર્તવ્યનિષ્ઠાનો અભાવ છે; અથવા

(ખ) અંગત હિત અથવા અયોગ્ય કે ભ્રષ્ટ પ્રયોજનોથી પોતાનાં કાર્યો અદા કરવામાં તે પ્રેરાયો હતો; અથવા

(ગ) પોતાને અથવા અન્ય કોઈ વ્યકિતને કોઈ લાભ મળે અથવા અનુગ્રહ થાય અથવા અન્ય કોઈ વ્યકિતને ગેરવ્યાજબી નુકસાન અથવા હાડમારી થાય તે રીતે પોતાના સ્થાનનો તેણે દુરુપયોગ કર્યો છે ;

એવું પ્રતિજ્ઞાપૂર્વકનું કથન ;

(૩) "યોગ્ય સત્તાધિકારી" એટલે,—

(ક) મંત્રી (મુખ્ય મંત્રી સિવાય) ની બાબતમાં, મુખ્ય મંત્રી; અને

(ખ) અન્ય કોઈ જાહેર હોદ્દેદારની બાબતમાં, ઠરાવવામાં આવે તે સત્તાધિકારી ;

(૪) "લોકાયુક્ત" એટલે કલમ ૩ હેઠળ લોકાયુક્ત તરીકે નિમાયેલી વ્યકિત ;

(૫) "મંત્રી" એટલે ગુજરાત રાજ્યના મંત્રીમંડળના ગમે તે નામે ઓળખાતા સભ્ય, એટલે કે મુખ્ય મંત્રી, મંત્રી, રાજ્યકક્ષાના મંત્રી અને નાયબ મંત્રી અને તેમાં મુખ્ય મંત્રીના સંસદીય સચિવનો સમાવેશ થાય છે ;

(૬) "ઠરાવેલું" એટલે આ અધિનિયમ હેઠળ કરેલા નિયમોથી ઠરાવેલું ;

(૭) "જાહેર હોદ્દેદાર" એટલે જે વ્યકિત નીચેનો હોદ્દો ધરાવતી હોય અથવા જેણે નીચેનો હોદ્દો ધરાવ્યો હોય તે વ્યકિત—

(ક) મંત્રી ;

(ખ) કંપની અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૬૧૭ના અર્થ મુજબ, જે સરકારી કંપનીમાં તેની ભરપાઈ થયેલી શેર મૂડીની એકાવન ટકા કરતાં ઓછી ન હોય તેટલી મૂડી રાજ્ય સરકાર ધરાવતી હોય તે સરકારી કંપનીના અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ અને જે કંપનીમાં તેની ભરપાઈ થયેલી શેર મૂડીની એકાવન ટકા કરતાં ઓછી ન હોય તેટલી મૂડી રાજ્ય સરકાર ધરાવતી હોય તે કંપનીની સહાયક હોય તેવી કંપનીના અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ ; સન ૧૯૫૬ નો ૧લો.

(ગ) મુંબઈ અધિનિયમ અથવા ગુજરાત અધિનિયમની રૂએ અથવા તે હેઠળ સ્થપાયેલ અને રાજ્ય સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના કોર્પોરેશનના અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ;

(ઘ) ગુજરાત રાજ્યમાં કાયદાથી સ્થાપિત યુનિવર્સિટીના કુલપતિ ;

(૮) "રાજ્ય સેવક"નો અર્થ ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧માં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે. સન ૧૮૬૦ નો ૪૫મો.

૩. (૧) આ અધિનિયમની જોગવાઈઓ અનુસાર તપાસ ચલાવવાના હેતુ માટે, રાજ્યપાલ, પોતાના સહીસિક્કાવાળા આદેશપત્રથી, કોઈ વ્યકિતની લોકાયુક્ત તરીકે નિમણૂક કરશે :

પરંતુ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ સાથે વિચારવિનિમય કર્યા પછી અને ગુજરાત રાજ્યની વિધાનસભાનું વિસર્જન કરવામાં આવ્યું હોય અથવા સંવિધાનની કલમ ૩૫૬ હેઠળની ઉદ્દઘોષણા ગુજરાત રાજ્યમાં અમલમાં હોય તે સમયે આવી નિમણૂક કરવાની હોય તે સિવાયના પ્રસંગે, વિધાનસભાના વિરોધ પક્ષના નેતા સાથે અથવા આવા નેતા ન હોય, તો અધ્યક્ષ સૂચવે તે રીતે, તે ગૃહના વિરોધ-પક્ષના સભ્યો આ અર્થે ચૂંટે તે વ્યકિત સાથે પણ વિચારવિનિમય કર્યા પછી, લોકાયુકતને નીમવામાં આવશે.

(૨) કોઈ વ્યકિત હાઈકોર્ટના ન્યાયાધીશ ન હોય અથવા થઈ ન હોય, તો તે, લોકાયુકત તરીકે નિમાવા માટે લાયક ગણાશે નહિ.

(૩) લોકાયુકત તરીકે નિમાયેલી દરેક વ્યકિતએ, પોતાનો હોદ્દો સંભાળતાં પહેલાં, રાજ્યપાલ અથવા તેમણે તે અર્થે નિમેલી કોઈ વ્યકિત સમક્ષ, પહેલી અનુસૂચિમાં તે હેતુ માટે ઠરાવેલા નમૂના પ્રમાણેના શપથ અથવા પ્રતિજ્ઞા લેવી જોઈશે અને તેના ઉપર પોતાની સહી કરવી જોઈશે.

૪. (૧) લોકાયુકત સંસદનો સભ્ય અથવા કોઈ રાજ્યના વિધાનમંડળનો સભ્ય હોવો જોઈશે નહિ અને તેમણે (લોકાયુકત તરીકે પોતાના હોદ્દા સિવાયનો) કોઈ વિશ્વાસપાત્ર અથવા લાભદાયી હોદ્દો ધરાવવો જોઈશે નહિ અથવા તેઓ કોઈ રાજકીય પક્ષ સાથે સંકળાયેલા હોવા જોઈશે નહિ અથવા તેમણે કોઈ ધંધો ચલાવવો જોઈશે નહિ અથવા કોઈ વ્યવસાય કરવો જોઈશે નહિ; અને તદનુસાર, તેઓ પોતાનો હોદ્દો સંભાળે તે પહેલાં, લોકાયુકત તરીકે નિમાયેલી વ્યકિત— (લોકાયુકતની કિસ્સામાં નિર્યોગ્યતાઓ.)

(ક) સંસદ અથવા કોઈ રાજ્યના વિધાનમંડળની સભ્ય હોય, તો તેણે, આવા સભ્યપદેથી રાજીનામું આપવું જોઈશે; અથવા

(ખ) કોઈ વિશ્વાસપાત્ર અથવા લાભદાયી હોદ્દો ધરાવતી હોય, તો તેણે, આવા હોદ્દાનું રાજીનામું આપવું જોઈશે; અથવા

(ગ) કોઈપણ રાજકીય પક્ષ સાથે સંકળાયેલી હોય, તો તેણે, તે પક્ષ સાથેનો પોતાનો સંબંધ છોડી દેવો જોઈશે ; અથવા

(ઘ) કોઈ ધંધો ચલાવતી હોય, તો તેણે, આવા ધંધાના સંચાલન અને વહીવટ સાથેનો પોતાનો સંબંધ (તેની માલિકીથી વંચિત થવા સિવાયનો) છોડી દેવો જોઈશે; અથવા

(ચ) કોઈ વ્યવસાય કરતી હોય, તો તેણે, આવો વ્યવસાય કરવાનું મોકૂફ રાખવું જોઈશે.

(૨) પોતાના કુટુંબની કોઈ વ્યકિતએ, રાજ્ય સરકાર સાથે કોઈ વાણિજ્યિક કરાર કર્યો હોય અને તે કરાર અસ્તિત્વમાં હોય અથવા વાણિજ્યક પ્રકારના કોઈ ધંધા સંબંધી રાજ્ય સરકાર સાથે અન્ય કોઈ વ્યવહાર કર્યો હોય, તો તે વ્યકિત, લોકાયુકત તરીકે નિમાવા માટે અથવા આવી કોઈ જગા ધરાવવાનું ચાલુ રાખવા માટે ગેરલાયક ગણાશે.

સ્પષ્ટીકરણ.—પેટા-કલમ (૨)ના હેતુ માટે "કુટુંબ" એ શબ્દપ્રયોગ એટલે પત્ની, પતિ, પુત્ર, અપરિણીત પુત્રી અને પુત્રવધુ.

૫. (૧) લોકાયુકત તરીકે નિમાયેલી દરેક વ્યકિત, પોતાનો હોદ્દો સંભાળે તે તારીખથી પાંચ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે : (લોકાયુકતના હોદ્દાની મુદત અને તેમની સેવાની બીજી શરતો.)

પરંતુ—

(ક) લોકાયુકત રાજ્યપાલને સંબોધીને પોતાની સહીથી કરેલા લખાણથી પોતાના હોદ્દાનું રાજીનામું આપી શકશે;

(ખ) લોકાયુકતને કલમ ૬માં નિર્દિષ્ટ કરેલી રીતે હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે.

(૨) હોદ્દો ધરાવતા બંધ થયે, લોકાયુકત, ગુજરાત સરકાર હેઠળ (લોકાયુકત તરીકે અથવા બીજી કોઈ હેસિયતથી) બીજી નોકરી માટે અથવા કલમ ૨ના ખંડ (૭)ના પેટા-ખંડો (ખ), (ગ) અને (ઘ)માં ઉલ્લેખેલ હોય એવી કોઈ સરકારી કંપની, કોર્પોરેશન, અથવા યુનિવર્સિટી હેઠળની કોઈ નોકરી માટે અથવા તેમાંના કોઈ હોદ્દા માટે લાયક રહેશે નહિ.

(૩) લોકાયુકતને બીજી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે પગાર મળશે.

(૪) લોકાયુકતને આપવાનાં ભથ્થાં અને પેન્શન અને તેમની સેવાની અન્ય શરતો, ઠરાવવામાં આવે તેવાં રહેશે :

પરંતુ લોકાયુક્તને આપવાનાં ભથ્થાં અને પેન્શન અને તેમની સેવાની અન્ય શરતો ઠરાવતી વેળા, હાઈકોર્ટના ન્યાયાધીશને આપવાનાં ભથ્થાં અને પેન્શન અને તેમની સેવાની અન્ય શરતો ધ્યાનમાં લેવી જોઈશે:

વધુમાં, લોકાયુકતને આપવાનાં ભથ્થાં અને પેન્શન અને તેમની સેવાની અન્ય શરતોમાં, તેમની નિમણુક પછી, તેમને ગેરલાભ થાય તે રીતે ફેરફાર કરી શકાશે નહિ.

*લોકાયુકતને દૂર કરવા બાબત.* ૬. હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિએ અથવા, યથાપ્રસંગ, મુખ્ય ન્યાયમૂર્તિ આ અર્થે નિયુકત કરે કે તેવા હાઈકોર્ટના અન્ય ન્યાયાધીશે કરેલી જે તપાસમાં લોકાયુકતને તેમની સામેના આરોપ અંગે જાણ કરવામાં આવી હોય અને તે આરોપના સંબંધમાં તેમને સુનાવણીની વાજબી તક આપવામાં આવી હોય તે તપાસ પછી, સાબિત થયેલ ગેરવર્તણુક અથવા અસમર્થતાના કારણસર રાજ્યપાલે હુકમ કર્યો હોય તે સિવાય, લોકાયુકતને, તેના હોદ્દા ઉપરથી દૂર કરી શકાશે નહિ.

*લોકાયુકતે તપાસવાની બાબતો.* ૭. (૧) કોઈ જાહેર હોદ્દેદારે લીધેલ અથવા તેમની સામાન્ય કે ખાસ સંમતિથી લેવાયેલા કોઈ પગલાંના સંબંધમાં આક્ષેપવાળી ફરિયાદ કરવામાં આવી હોય અથવા લોકાયુકતના અભિપ્રાય મુજબ, આવું પગલું આક્ષેપનો વિષય થઈ શકે અથવા થઈ શકતું હોત, ત્યારે તેવા કોઈ કિસ્સામાં, આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, લોકાયુકત, આવાં પગલાં અંગે તપાસ કરી શકશે.

(૨) જેના સંબંધમાં આ અધિનિયમ હેઠળ ફરિયાદ કરવામાં આવી હોય તે બાબત, લોકાયુકત-ની ભલામણ ઉપરથી અથવા તેમની સહમતિથી હોય તે સિવાય, તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨ હેઠળ તપાસ માટે કમિશનને નિર્ણયાર્થે લખી મોકલી શકાશે નહિ: *સન ૧૯૫૨ નો ૬૦મો.*

પરંતુ રાજ્ય સરકારના અભિપ્રાય પ્રમાણે કોઈ બાબત ખાસ નિશ્ચિત જાહેર અગત્યની બાબત હોય, તો આ પેટા-કલમમાંના કોઈપણ મજકૂરથી, રાજ્ય સરકારને, તે બાબત તપાસ માટે આવા કમિશનને નિર્ણયાર્થે લખી મોકલવામાં બાધ આવશે નહિ.

(૩) પેટા-કલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈપણ પગલાં અંગેની તપાસ કરવાની કાર્યવાહી કરતાં પહેલાં, લોકાયુકત, તપાસ કરવા માટે વાજબી કારણો છે કે કેમ તે નક્કી કરવા માટે પોતે યોગ્ય ગણે તેવી પ્રાથમિક તપાસ કરશે અને તેમને એમ લાગે કે એવાં કારણો નથી, તો તેઓ, તે અંગેના નિર્ણય નોંધશે અને તેમ થયે, તે બાબત સમાપ્ત થશે અને તદનુસાર ફરિયાદીને જાણ કરવામાં આવશે.

(૪) કોઈ જાહેર હોદ્દેદારે અથવા તેમની સામાન્ય કે ખાસ મંજૂરીથી લીધેલાં પગલાંની આ કલમ હેઠળ કરેલી તપાસને, આવું પગલું લીધા પછી, આવા જાહેર હોદ્દેદાર, જે હેસિયતથી તેમણે પગલું લીધું હોય અથવા તેમની મંજૂરીથી લીધું હોય તે હેસિયત ધરાવતા બંધ થયા છે અથવા એવા જાહેર હોદ્દેદાર હોતા બંધ થયા છે એ કારણે જ બાધ આવશે નહિ.

*તપાસને પાત્ર ન હોય તેવી બાબતો.* ૮. (૧) લોકાયુકત—

(ક) જેના સંબંધમાં રાજ્ય સેવક (તપાસ) અધિનિયમ, ૧૮૫૦ હેઠળ પદ્ધતિસરની અને જાહેર તપાસ કરવાનો હુકમ તેમની પૂર્વ સહમતિથી કરવામાં આવ્યો હોય તેવા કોઈ પગલાંની, અથવા *સન ૧૮૫૦ નો ૩૭ મો.*

સને ૧૯૫૨ નો ૬૦મો. (ખ) જે બાબત તેમની ભલામણ ઉપરથી અથવા તેમની પૂર્વ સહમતિથી અથવા કલમ ૭ની પેટા-કલમ (૨)ના પરંતુક હેઠળ રાજ્ય સરકાર દ્વારા તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨ હેઠળ તપાસ માટે નિર્ણયાર્થે લખી મોકલવામાં આવી હોય તે બાબતના સંબંધમાં કોઈ પગલાંની ; અથવા

તપ સંબં કાર

(ગ) જે બાબતની ખંડો (ક) અને (ખ)માં ઉલ્લેખેલા અધિનિયમો હેઠળ તપાસ કરવામાં આવી હોય અથવા જેનો યોગ્ય કોર્ટે છેવટનો નિર્ણય કર્યો હોય તે બાબતના સંબંધમાં કોઈ પગલાંની;

તપાસ કરી શકશે નહિ.

(૨) લોકાયુક્ત, કલમ ૨૦ હેઠળ બહાર પાડેલા જાહેરનામાની રૂએ, પોતાની હકૂમતમાંથી બાકાત રાખી હોય એવી કોઈ ફરિયાદની તપાસ કરી શકશે નહિ.

(૩) લોકાયુક્તને કોઈ વ્યક્તિને લગતી કોઈ બાબત અથવા વ્યક્તિના સંબંધમાં કોઈ પૂર્વગ્રહ હોય, તો તેઓ તે બાબતની તપાસ કરી શકશે નહિ અને આ અર્થે કોઈ તકરાર ઉપસ્થિત થાય, તો રાજ્યપાલ, નારાજ થયેલા પક્ષકારે અરજી કર્યેથી, ઠરાવવામાં આવે તે રીતે, હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય લેશે અને એવા અભિપ્રાયને સુસંગત રહીને તકરારનો નિર્ણય કરશે.

(૪) લોકાયુક્ત, જે તારીખે કોઈ ફરિયાદમાં જણાવેલું પગલું લેવામાં આવ્યું હોવાનું કહેવાતું હોય તે તારીખથી પાંચ વર્ષ પૂરાં થયા પછી આવી ફરિયાદ કરવામાં આવી હોય, તો તે ફરિયાદ અંગે તપાસ કરી શકશે નહિ.

૯. (૧) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, કોઈપણ વ્યક્તિ, રાજ્ય સેવક તરીકેની તેની લેખિત સિવાય, આ અધિનિયમ હેઠળ લોકાયુક્તને આક્ષેપો જણાવતી ફરિયાદ કરી શકશે: ફરિયાદોને લગતી જોગવાઈઓ.

પરંતુ નારાજ થયેલી વ્યક્તિ મૃત્યુ પામી હોય અથવા કોઈપણ કારણસર જાતે, કામ કરવાને અસમર્થ હોય, ત્યારે કાયદાની રૂએ જે કોઈ વ્યક્તિ તેની સંપત્તિનું પ્રતિનિધિત્વ ધરાવતી હોય તે વ્યક્તિથી અથવા યથાપ્રસંગ, તેણે આ અર્થે અધિકૃત કરેલી કોઈ વ્યક્તિથી ફરિયાદ કરી શકાશે.

✓ (૨) દરેક ફરિયાદ ઠરાવવામાં આવે તે નમૂનામાં કરવી જોઈશે અને તેની સાથે ઠરાવવામાં આવે તેવા સોગંદનામાં હોવાં જોઈશે.

(૩) અન્ય કોઈ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, પોલીસ કસ્ટડીમાં અથવા જેલમાં અથવા પાગલ વ્યક્તિઓ માટેના કોઈ આશ્રયસ્થાનમાં અથવા તેમના માટેના અન્ય સ્થળે હોય તે કોઈ વ્યક્તિએ લોકાયુક્તને લખેલો કોઈ પત્ર, જેના સરનામે તે પત્ર લખ્યો હોય તેને, પોલીસ અધિકારીઓ અથવા એવી જેલ, આશ્રયસ્થાન અથવા અન્ય સ્થળનો હવાલો ધરાવતી બીજી વ્યક્તિએ ઉઘાડ્યા વિના અને વિલંબ કર્યા વગર રવાના કરવો જોઈશે અને લોકાયુક્તને ખાતરી થાય કે તેમ કરવું જરૂરી છે, તો તેઓ, તે પત્રને, પેટા-કલમ (૨)ની જોગવાઈઓ અનુસાર કરેલી ફરિયાદ તરીકે ગણી શકશે.

✓ (૪) ફરિયાદીએ, ઠરાવવામાં આવે તે રીતે અને તે સત્તાધિકારી અથવા એજન્સી પાસે, કલમ ૨૧ હેઠળ વ્યવસ્થા માટે ઉપલબ્ધ કરવા એક હજાર રૂપિયાની રકમ અનામત મૂકવી જોઈશે:

પરંતુ લોકાયુક્ત, લેખિત નોંધવાનાં પૂરતાં કારણસર, ફરિયાદીને, આ કલમ હેઠળ રકમ અનામત મૂકવાની જરૂરિયાતમાંથી મુક્ત કરી શકશે.

(૫) આ અધિનિયમની કલમ ૧૦માં અથવા તેની અન્ય કોઈ જોગવાઈમાં ગમે તે મજકૂર હોય તે છતાં, આ અધિનિયમ હેઠળ જાણીજોઈને અથવા દ્વેષપૂર્વક ફરિયાદમાં કોઈપણ ખોટો આક્ષેપ કરનાર દરેક વ્યક્તિને, દોષિત ઠર્યે, બે વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા થશે અને તે દંડને પણ પાત્ર થશે.

(૬) પેટા-કલમ (૫) હેઠળ શિક્ષાપાત્ર ગુનો પોલીસ અધિકારનો ગણાશે.

તપાસના સંબંધમાં કાર્યરીતિ.

૧૦. (૧) લોકાયુક્ત, આ અધિનિયમ હેઠળ કોઈ તપાસ ચલાવવાનો નિર્ણય કરે, ત્યારે—

(ક) તેણે, ફરિયાદની નકલ અથવા પોતાની મેળે જે કોઈ તપાસ કરવાની તે દરખાસ્ત કરે તે તપાસની બાબતમાં, તે માટેનાં કારણો જણાવતું નિવેદન, સંબંધિત જાહેર હોદ્દેદારને અને સંબંધિત યોગ્ય સત્તાધિકારીને મોકલવું જોઈશે;

(ખ) તેણે, સંબંધિત જાહેર હોદ્દેદારને આવી ફરિયાદ અથવા નિવેદન વિષે પોતાનું મંતવ્ય રજૂ કરવાની તક આપવી જોઈશે; અને

(ગ) તે, તપાસને લગતા દસ્તાવેજોની સુરક્ષિત કસ્ટડી માટે, પોતે યોગ્ય ગણે તે હુકમો કરી શકશે.

(૨) એવી દરેક તપાસ ખાનગીમાં ચલાવવી જોઈશે અને ખાસ કરીને, ફરિયાદીની અને જેને તપાસથી અસર થઈ હોય તે જાહેર હોદ્દેદારની ઓળખ, તપાસ પહેલાં, તે દરમિયાન અથવા ત્યારપછી, લોકો અથવા પ્રેસને પ્રગટ કરવી જોઈશે નહિ અથવા કોઈપણ રીતે પ્રસિદ્ધ કરવી જોઈશે નહિ:

પરંતુ લોકાયુક્તને, કારણોની લેખિત નોંધ કરીને, નિશ્ચિત જાહેર અગત્ય ધરાવતી બાબતને લગતી કોઈ તપાસ જાહેરમાં ચલાવવાનું યોગ્ય લાગે, તો તેઓ, તેમ કરી શકશે.

(૩) ઉપર્યુક્ત પ્રમાણે હોય તે સિવાય, આવી કોઈ તપાસ ચલાવવા માટેની કાર્યરીતિ, કેસના સંજોગો પ્રમાણે, લોકાયુક્તને યોગ્ય લાગે તેવી રહેશે.

(૪) લોકાયુક્ત, પોતાના અભિપ્રાય મુજબ—

(ક) કોઈ ફરિયાદ ક્ષુલ્લક અથવા ત્રાસદાયક છે અથવા શુદ્ધબુદ્ધિથી કરવામાં આવી નથી; અથવા

(ખ) યથાપ્રસંગ, તપાસ કરવા માટે અથવા તપાસ ચાલુ રાખવા માટે પૂરતાં કારણો નથી; અથવા

(ગ) ફરિયાદી પાસે બીજા ઉપાયો છે અને કેસના સંજોગો પ્રમાણે, આવા ઉપાયોનો લાભ લેવાનું ફરિયાદી માટે વધુ યોગ્ય થશે,

તો પોતાના સ્વવિવેકાનુસાર, તે ફરિયાદની તપાસ કરવાની ના પાડી શકશે અથવા તે તપાસ ચલાવવાનું બંધ કરી શકશે.

(૫) જે કોઈ કિસ્સામાં લોકાયુક્ત એમ નક્કી કરે કે ફરિયાદ સ્વીકારવી નહિ અથવા ફરિયાદના સંબંધમાં કોઈ તપાસ ચાલુ રાખવી નહિ તે કિસ્સામાં, તેમણે તે માટેનાં પોતાનાં કારણોની નોંધ કરવી જોઈશે અને ફરિયાદીને તેમજ સંબંધિત જાહેર હોદ્દેદારને તેની જાણ કરવી જોઈશે.

(૬) કોઈ પગલાંના સંબંધમાં આ અધિનિયમ હેઠળ તપાસ ચલાવવાથી, આવાં પગલાંને અથવા તપાસને અધીન હોય એવી કોઈ બાબત સંબંધી વધુ પગલાં લેવાની કોઈ જાહેર હોદ્દેદારની કોઈ સત્તાને અથવા ફરજને અસર થશે નહિ.

(૭) જે કોઈ વ્યક્તિ, આ કલમની જોગવાઈઓનું ઉલ્લંઘન કરીને, કોઈ માહિતી લોકો અથવા પ્રેસ સમક્ષ પ્રગટ કરે અથવા એવી માહિતી પ્રસિદ્ધ કરે તેને, દોષિત ઠર્યે, બે વર્ષની મુદત સુધીની કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડને પાત્ર પણ થશે.

૧૧. (૧) આ કલમની જોગવાઈઓને અધીન રહીને, આ અધિનિયમ હેઠળની કોઈ તપાસ (આવી તપાસ પહેલાંની પ્રાથમિક તપાસ સહિત)ના હેતુ માટે, લોકાયુકત, પોતાનાં અભિપ્રાય મુજબ, જે કોઈ રાજ્ય સેવક અથવા અન્ય કોઈ વ્યકિત, તપાસને લગતી માહિતી આપી શકે અથવા તેને લગતા દસ્તાવેજો રજૂ કરી શકે તેમ હોય તેને, એવી કોઈ માહિતી આપવાનું અથવા એવો કોઈ દસ્તાવેજ રજૂ કરવાનું ફરમાવી શકશે. પુરાવો.

*સન ૧૯૦૮ નો ૫મો.* (૨) આવી કોઈ તપાસ (પ્રાથમિક તપાસ સહિત) ના હેતુ માટે, લોકાયુકતને, નીચેની બાબતોના સંબંધમાં દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દાવાનો ઈન્સાફ કરતી વખતે દીવાની કોર્ટની તમામ સત્તા રહેશે :—

(ક) કોઈ વ્યકિતને સમન્સથી બોલાવવાની અને હાજર રહેવાની ફરજ પાડવાની અને સોગંદ ઉપર તેની જુબાની લેવાની;

(ખ) કોઈ દસ્તાવેજ પ્રગટ કરવાનું અને તે રજૂ કરવાનું ફરમાવવાની;

(ગ) સોગંદનામા ઉપર પુરાવો લેવાની;

(ઘ) કોઈપણ કોર્ટ અથવા ઓફિસમાંથી કોઈ જાહેર રેકર્ડ અથવા તેની નકલ માગવાની;

(ચ) સાક્ષીઓની અથવા દસ્તાવેજોની તપાસ માટે કમિશનો કાઢવાની;

(છ) ઠરાવવામાં આવે તેવી બીજી બાબતોની.

*સન ૧૮૬૦ નો ૪૫મો.* (૩) લોકાયુકતના અભિપ્રાય મુજબ તપાસના વિષય માટે ઉપયોગી હોય અથવા તેને લગતા હોય તેવા મુદ્દા અથવા બાબતો અંગે કોઈ વ્યકિતને માહિતી આપવા ફરમાવવાની સત્તા લોકાયુકતને પેટા-કલમ (૮)ની જોગવાઈઓને અધીન રહીને રહેશે અને એવી રીતે ફરમાવ્યું હોય તે વ્યકિત, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૭૬ અને કલમ ૧૭૭ના અર્થ મુજબ એવી માહિતી આપવા કાયદેસર બંધાયેલી છે એમ ગણાશે.

*સન ૧૯૭૪ નો ૨જો.* (૪) લોકાયુકતને અથવા આ અર્થે લોકાયુકતે ખાસ અધિકૃત કરેલા કોઈ રાજપત્રિત અધિકારીને એમ માનવાને કારણ હોય કે કોઈ મકાન અથવા જગામાંથી તપાસના વિષયને લગતા હિસાબના કોઈ ચોપડા અથવા અન્ય દસ્તાવેજો મળી-શકશે, તો તેઓ, તેમાં દાખલ થઈ શકશે અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૦૦-ની જોગવાઈઓ લાગુ પડતી હોય તેટલા પૂરતી તેને અધીન રહીને, એવા કોઈ હિસાબના ચોપડા અથવા દસ્તાવેજોનો કબજો લઈ શકશે અથવા તેમાંથી ઉતારા અથવા નકલો કરી શકશે.

*સન ૧૮૬૦ નો ૪૫મો.* (૫) લોકાયુકત દીવાની કોર્ટ ગણાશે અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૭૫, કલમ ૧૭૮, કલમ ૧૭૯ અથવા કલમ ૧૮૦માં વર્ણવ્યા પ્રમાણેનો કોઈ ગુનો, લોકાયુકતની નજરે દેખાય તે રીતે અથવા તેમની હાજરીમાં થયો હોય, ત્યારે લોકાયુકત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ઠરાવ્યા પ્રમાણે ગુનો બનતી હકીકતો અને આરોપીનું નિવેદન નોંધ્યા પછી, તે કેસ, તેનો ઈન્સાફ ચલાવવાની હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટને મોકલી શકશે અને જે મેજિસ્ટ્રેટને એવો કોઈ કેસ મોકલવામાં આવે તે મેજિસ્ટ્રેટે, જાણે તે કેસ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૩૪૬ હેઠળ તેને મોકલવામાં આવ્યો હોય તેમ, આરોપી વિરૂદ્ધ ફરિયાદની સુનાવણી આગળ ચલાવવી જોઈશે. *સન ૧૯૭૪ નો ૨જો.*

*સન ૧૮૬૦ નો ૪૫મો.* (૬) લોકાયુકત સમક્ષની કોઈ કાર્યવાહી, ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૯૩ અને ૨૨૮ના અર્થ મુજબ ન્યાયિક કાર્યવાહી છે એમ ગણાશે.

૧૧. (૧) આ કલમની જોગવાઈઓને અધીન રહીને, આ અધિનિયમ હેઠળની કોઈ તપાસ (આવી તપાસ પહેલાંની પ્રાથમિક તપાસ સહિત)ના હેતુ માટે, લોકાયુક્ત, પોતાનાં અભિપ્રાય મુજબ, જે કોઈ રાજ્ય સેવક અથવા અન્ય કોઈ વ્યક્તિ, તપાસને લગતી માહિતી આપી શકે અથવા તેને લગતા દસ્તાવેજો રજૂ કરી શકે તેમ હોય તેને, એવી કોઈ માહિતી આપવાનું અથવા એવો કોઈ દસ્તાવેજ રજૂ કરવાનું ફરમાવી શકશે. પુરાવો.

સન ૧૯૦૮-નો ૫મો.

(૨) આવી કોઈ તપાસ (પ્રાથમિક તપાસ સહિત) ના હેતુ માટે, લોકાયુક્તને, નીચેની બાબતોના સંબંધમાં દીવાની કાર્યરીતિ અધિનિયમ, ૧૯૦૮ હેઠળ દાવાનો ઈન્સાફ કરતી વખતે દીવાની કોર્ટની તમામ સત્તા રહેશે :—

(ક) કોઈ વ્યક્તિને સમન્સથી બોલાવવાની અને હાજર રહેવાની ફરજ પાડવાની અને સોગંદ ઉપર તેની જુબાની લેવાની;

(ખ) કોઈ દસ્તાવેજ પ્રગટ કરવાનું અને તે રજૂ કરવાનું ફરમાવવાની;

(ગ) સોગંદનામા ઉપર પુરાવો લેવાની;

(ઘ) કોઈપણ કોર્ટ અથવા ઓફિસમાંથી કોઈ જાહેર રેકર્ડ અથવા તેની નકલ માગવાની;

(ચ) સાક્ષીઓની અથવા દસ્તાવેજોની તપાસ માટે કમિશનો કાઢવાની;

(છ) ઠરાવવામાં આવે તેવી બીજી બાબતોની.

સન ૧૮૬૦-નો ૪૫મો.

(૩) લોકાયુક્તના અભિપ્રાય મુજબ તપાસના વિષય માટે ઉપયોગી હોય અથવા તેને લગતા હોય તેવા મુદ્દા અથવા બાબતો અંગે કોઈ વ્યક્તિને માહિતી આપવા ફરમાવવાની સત્તા લોકાયુક્તને પેટા-કલમ (૮)ની જોગવાઈઓને અધીન રહીને રહેશે અને એવી રીતે ફરમાવ્યું હોય તે વ્યક્તિ, ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૭૬ અને કલમ ૧૭૭ના અર્થ મુજબ એવી માહિતી આપવા કાયદેસર બંધાયેલી છે એમ ગણાશે.

સન ૧૯૭૪-નો ૨જો.

(૪) લોકાયુક્તને અથવા આ અર્થે લોકાયુક્તે ખાસ અધિકૃત કરેલા કોઈ રાજપત્રિત અધિકારીને એમ માનવાને કારણ હોય કે કોઈ મકાન અથવા જગામાંથી તપાસના વિષયને લગતા હિસાબના કોઈ ચોપડા અથવા અન્ય દસ્તાવેજો મળી-શકશે, તો તેઓ, તેમાં દાખલ થઈ શકશે અને ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૦૦-ની જોગવાઈઓ લાગુ પડતી હોય તેટલા પૂરતી તેને અધીન રહીને, એવા કોઈ હિસાબના ચોપડા અથવા દસ્તાવેજોનો કબજો લઈ શકશે અથવા તેમાંથી ઉતારા અથવા નકલો કરી શકશે.

સન ૧૮૬૦-નો ૪૫મો. સન ૧૯૭૪-નો ૨જો.

(૫) લોકાયુક્ત દીવાની કોર્ટ ગણાશે અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૭૫, કલમ ૧૭૮, કલમ ૧૭૯ અથવા કલમ ૧૮૦માં વર્ણવ્યા પ્રમાણેનો કોઈ ગુનો, લોકાયુક્તની નજરે દેખાય તે રીતે અથવા તેમની હાજરીમાં થયો હોય, ત્યારે લોકાયુક્ત, ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩માં ઠરાવ્યા પ્રમાણે ગુનો બનતી હકીકતો અને આરોપીનું નિવેદન નોંધ્યા પછી, તે કેસ, તેનો ઈન્સાફ ચલાવવાની હકૂમત ધરાવતા મેજિસ્ટ્રેટને મોકલી શકશે અને જે મેજિસ્ટ્રેટને એવો કોઈ કેસ મોકલવામાં આવે તે મેજિસ્ટ્રેટે, જાણે તે કેસ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૩૪૬ હેઠળ તેને મોકલવામાં આવ્યો હોય તેમ, આરોપી વિરૂદ્ધ ફરિયાદની સુનાવણી આગળ ચલાવવી જોઈશે.

સન ૧૮૬૦-નો ૪૫મો.

(૬) લોકાયુક્ત સમક્ષની કોઈ કાર્યવાહી, ભારતના ફોજદારી અધિનિયમની કલમો ૧૯૩ અને ૨૨૮ના અર્થ મુજબ ન્યાયિક કાર્યવાહી છે એમ ગણાશે.

(૭) પેટા-કલમ (૮)ની જોગવાઈઓને અધીન રહીને, રાજ્ય સરકારે અથવા કોઈ રાજ્ય સેવકે મેળવેલી અથવા તેમને આપવામાં આવેલી માહિતી ગુપ્ત રાખવા માટે કોઈ અધિનિયમ અથવા કાયદા હેઠળના કોઈ નિયમની રૂએ નાખેલ કોઈ ફરજ અથવા તે પ્રગટ કરવા ઉપર મૂકેલ અન્ય નિયંત્રણ, આ અધિનિયમ હેઠળ કોઈ તપાસના હેતુઓ માટે માહિતી પ્રગટ કરવાને લાગુ પડશે નહિ અને રાજ્ય સરકાર અથવા કોઈ રાજ્ય સેવક, કાનૂની કાર્યવાહીમાં કોઈ અધિનિયમ અથવા કાયદા હેઠળના કોઈ નિયમની રૂએ દસ્તાવેજો રજૂ કરવા અથવા પુરાવો આપવા સંબંધી જે કોઈ વિશેષાધિકાર આપવામાં આવ્યો હોય તે માટે આવી કોઈ તપાસના સંબંધમાં હકદાર રહેશે નહિ.

(૮) કોઈ વ્યકિતને—

(ક) ભારતની સલામતી અથવા સંરક્ષણ અથવા (બીજા કોઈપણ દેશની સરકાર અથવા કોઈ આંતરરાષ્ટ્રીય સંસ્થા સાથેના ભારતના સંબંધો સહિત) આંતરરાષ્ટ્રીય સંબંધોને અથવા ગુનાની તપાસ અથવા શોધખોળને બાધ આવે તેવી; અથવા

(ખ) રાજ્ય સરકારની કેબીનેટના અથવા તેના મંત્રીમંડળના અથવા તેની કોઈ સમિતિ હોય, તો તેના નિર્ણય સિવાયની કાર્યવાહી ખુલ્લી પાડવાનો જેમાં સમાવેશ થતો હોય તેવી;

કોઈ માહિતી આપવાનું અથવા એવા કોઈ પ્રશ્નનો જવાબ આપવાનું અથવા કોઈ દસ્તાવેજનો ભાગ રજૂ કરવાનું આ અધિનિયમની રૂએ ફરમાવી શકાશે નહિ અથવા અધિકાર આપી શકાશે નહિ અને આ પેટા-કલમના હેતુ માટે, કોઈ માહિતી, જવાબ કે દસ્તાવેજનો ભાગ, ખંડ (ક) કે ખંડ (ખ)માં નિર્દિષ્ટ કરેલા પ્રકારનો છે એવું પ્રમાણિત કરતું મુખ્ય સચિવે કાઢી આપેલું પ્રમાણપત્ર બંધનકર્તા અને નિર્ણાયક રહેશે.

મુખ્યમંત્રીની બાબતમાં લોકાયુકતનો રિપોર્ટ.

૧૨. જેના સંબંધમાં આક્ષેપવાળી ફરિયાદ મુખ્ય મંત્રી સામે અથવા અન્ય કોઈ જાહેર હોદ્દેદારની જોડે મુખ્ય મંત્રી સામે કરવામાં આવી હોય તે કોઈ પગલાં અંગે તપાસ કર્યા પછી, લોકાયુકતને ખાતરી થાય કે આવો આક્ષેપ મુખ્ય મંત્રી સામે પૂર્ણત: અથવા અંશત: પૂરવાર થઈ શકે તેમ છે તો તેમણે, લેખિત રિપોર્ટ દ્વારા, પોતાના નિર્ણયો, સંબંધિત દસ્તાવેજો, લખાણો અને બીજા પુરાવા સાથે મુખ્ય મંત્રીને જણાવવાં જોઈશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ આવો રિપોર્ટ મળ્યે, મુખ્ય મંત્રી તે રિપોર્ટ વિલંબ કર્યા વિના મંત્રીમંડળ સમક્ષ મૂકાવશે.

રિપોર્ટ દ્વારા નિર્ણયો અને ભલામણો યોગ્ય સત્તાધિકારીને જણાવવા બાબત.

૧૩. (૧) જેને કલમ ૧૨ લાગુ પડતી ન હોય તે કોઈ બાબતમાં, જે કોઈ પગલાંના સંબંધમાં આક્ષેપવાળી ફરિયાદ કરવામાં આવી હોય અથવા કરી શકાય તેમ હોય અથવા કરી શકાત તે પગલાં અંગેની તપાસ કર્યા પછી, લોકાયુકતને ખાતરી થાય કે આવો આક્ષેપ પૂર્ણત: અથવા અંશત: પૂરવાર થઈ શકે તેમ છે, તો તેમણે, લેખિત રિપોર્ટ દ્વારા, પોતાના નિર્ણયો, સંબંધિત દસ્તાવેજો, લખાણો અને બીજા પુરાવા સાથે યોગ્ય સત્તાધિકારીને જણાવવાં જોઈશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ પોતાને મોકલાવેલો રિપોર્ટ યોગ્ય સત્તાધિકારી તપાસશે અને તેમણે, રિપોર્ટ મળ્યાની તારીખથી ત્રણ મહિનાની અંદર લોકાયુકતને રિપોર્ટના આધારે લીધેલ અથવા લેવા ધારેલ પગલાં વિશે જાણ કરવી જોઈશે.

લોકાયુકતનો વાર્ષિક રિપોર્ટ.

૧૪. (૧) લોકાયુકત, દર વર્ષે, રાજ્યપાલને આ અધિનિયમ હેઠળ પોતાનાં કાર્યો બજાવ્યા અંગેનો એકત્રિત રિપોર્ટ રજૂ કરશે અને આવો રિપોર્ટ મળ્યે, રાજ્યપાલ, તેની એક નકલ ખુલાસાવાળી યાદી સાથે, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકાવશે.

(૨) કલમ ૧૦ની પેટા-કલમ (૨) ની જોગવાઈઓને અધીન રહીને, લોકાયુકત, પોતાના સ્વ-વિવેકાનુસાર, પોતે સમાપ્ત કરેલા અથવા બીજી રીતે નિકાલ કરેલા જે કેસો જાહેર જનતાના, શૈક્ષણિક અથવા વ્યાવસાયિક હિતના હોવાનું પોતાને જણાય તે કેસોનો સારાંશ, વખતો વખત, પોતાને યોગ્ય લાગે તે રીતે અને તે વ્યકિતઓને ઉપલબ્ધ કરી શકશે.

લોકાયુક્તનો સ્ટાફ.

૧૫. (૧) આ અધિનિયમ હેઠળ પોતાનાં કાર્યો બજાવવામાં પોતાને મદદ કરવા માટે, લોકાયુક્ત અધિકારીઓ અને અન્ય કર્મચારીઓ નીમી શકશે અથવા પોતાના તાબા નીચેના કોઈ અધિકારીને તેવી નિમણૂક કરવાનો અધિકાર આપી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ નીમવામાં આવે તેવા અધિકારીઓ અને કર્મચારીઓની કક્ષા, તેમનાં પગાર, ભથ્થાં અને નોકરીની અન્ય શરતો અને લોકાયુકતની વહીવટી સત્તા, લોકાયુક્ત સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ઠરાવવામાં આવે તેવાં રહેશે.

(૩) પેટા-કલમ (૧)ની જોગવાઈઓને બાધ આવ્યા વિના, લોકાયુક્ત, આ અધિનિયમ હેઠળ તપાસ ચલાવવાના હેતુ માટે—

(૧) રાજ્ય સરકારના કોઈ અધિકારીની અથવા તપાસ કરનાર એજન્સીની;

(૨) સંવિધાનની કલમ ૨૫૮-ક અનુસાર કેન્દ્ર સરકારની સંમતિ મેળવીને તે સરકારના કોઈ અધિકારીની અથવા તપાસ કરનાર એજન્સીની ; અથવા

(૩) અન્ય કોઈ વ્યકિતની અથવા એજન્સીની,

સેવા ઉપયોગમાં લઈ શકશે.

(૪) કોઈપણ બાબતમાં તપાસ કરવાના હેતુ માટે, પેટા-કલમ (૩) હેઠળ જેની સેવા ઉપયોગમાં લેવામાં આવી હોય તેવા કોઈ અધિકારી, એજન્સી અથવા વ્યકિત, લોકાયુકતના આદેશને અધીન રહીને—

(ક) કોઈપણ વ્યકિતને સમન્સથી બોલાવી શકશે અને હાજર રહેવા ફરજ પાડી શકશે અને તેની જુબાની લઈ શકશે;

(ખ) કોઈ દસ્તાવેજ પ્રગટ કરવા અને તે રજૂ કરવા ફરમાવી શકશે; અને

(ગ) કોઈપણ ઓફિસમાંથી કોઈપણ સરકારી રેકર્ડ અથવા તેની નકલ મંગાવી શકશે.

(૫) કલમ ૧૧ અને ૧૬ની જોગવાઈઓ, લોકાયુકતે લીધેલાં કોઈ પગલાંની તપાસ દરમિયાન તેમને પૂરી પાડેલ માહિતીના સંબંધમાં તે લાગુ પડે છે તેમ, પેટા-કલમ (૩) હેઠળ જેની સેવાઓ ઉપયોગમાં લેવામાં આવી હોય તેવા કોઈ અધિકારી, એજન્સી અથવા વ્યકિતને પૂરી પાડેલી કોઈ માહિતીના સંબંધમાં લાગુ પડશે.

માહિતીની ગુપ્તતા.

૧૬. (૧) આ અધિનિયમ હેઠળની કોઈ તપાસ દરમિયાન અથવા તેના હેતુઓ માટે લોકાયુકતે અથવા તેમના સ્ટાફના સભ્યોએ મેળવેલી કોઈ માહિતી અને આવી માહિતીના સંબંધમાં નોંધેલો કોઈ પુરાવો, કલમ ૧૦ની પેટા-કલમ (૨) ના પરંતુકની જોગવાઈઓને અધીન રહીને ગુપ્ત ગણાશે અને ભારત પુરાવા અધિનિયમ, ૧૮૭૨માં ગમે તે મજકૂર હોય તે છતાં, કોઈ કોર્ટ, લોકાયુકતને અથવા કોઈ રાજ્ય સેવકને, આવી માહિતીનો લગતો પુરાવો આપવાની અથવા તેવી રીતે નોંધેલ પુરાવો રજૂ કરવાની ફરજ પાડવાને હકદાર રહેશે નહિ.

(૨) પેટા-કલમ (૧) માંનો કોઈપણ મજકૂર—

(ક) આ અધિનિયમ હેઠળ તપાસ અંગે કરવાના કોઈ રિપોર્ટમાં અથવા એવા રિપોર્ટ ઉપરથી હાથ ધરવાના કોઈ પગલાં અથવા કાર્યવાહી માટે; અથવા

(ખ) સરકારી ગુપ્ત માહિતી અધિનિયમ, ૧૯૨૩ હેઠળના ગુના માટેની અથવા ભારતના ફોજદારી અધિનિયમ હેઠળ ખોટો પુરાવો આપવાના અથવા ઉપજાવી કાઢવાના ગુના માટેની કોઈ કાર્યવાહીના હેતુઓ માટે અથવા કલમ ૧૭ હેઠળની કોઈ કાર્યવાહીના હેતુઓ માટે; અથવા સન ૧૯૨૩ નો ૧૯મો.

(ગ) ઠરાવવામાં આવે તેવા અન્ય હેતુઓ માટે; સન ૧૮૬૦ નો ૪૫મો.

કોઈ માહિતી અથવા વિગતો પ્રગટ કરવાને લાગુ પડશે નહિ.

(૩) આ અર્થે ઠરાવેલા કોઈ અધિકારી અથવા અન્ય સત્તાધિકારી, નોટિસમાં નિર્દિષ્ટ કરેલા કોઈ દસ્તાવેજ અથવા માહિતી સંબંધી અથવા તેવી રીતે નિર્દિષ્ટ કરેલા કોઈ વર્ગના દસ્તાવેજો સંબંધી લોકાયુકતને એવી લેખિત નોટિસ આપી શકશે કે રાજ્ય સરકારના અભિપ્રાય મુજબ દસ્તાવેજો અથવા માહિતી અથવા તે વર્ગના દસ્તાવેજો અથવા માહિતી પ્રગટ કરવાનું લોકહિતની વિરુદ્ધ થશે અને એવી નોટિસ આપવામાં આવે, ત્યારે નોટિસમાં નિર્દિષ્ટ કરેલા કોઈ દસ્તાવેજ અથવા માહિતી અથવા તેવી રીતે નિર્દિષ્ટ કરેલા વર્ગના કોઈ દસ્તાવેજ અથવા માહિતી કોઈ વ્યકિતને પ્રગટ કરવાનો અથવા તેને જાણ કરવાનો અધિકાર લોકાયુકતને અથવા તેમના સ્ટાફના કોઈ સભ્યને મળે છે અથવા તેઓ ઉપર તે પ્રમાણેનું બંધન છે એમ આ અધિનિયમમાંના કોઈ મજકૂરથી સમજવું નહિ.

લોકાયુકતનું ઈરાદાપૂર્વક અપમાન કરવા અથવા તેમના કામમાં અવરોધ કરવા અથવા બદનામ કરવા બાબત.

૧૭. (૧) લોકાયુકત આ અધિનિયમ હેઠળ કોઈ તપાસ ચલાવતા હોય, ત્યારે જે કોઈ વ્યકિત, તેમનું ઈરાદાપૂર્વક કંઈપણ અપમાન કરે અથવા તેમને કંઈપણ અવરોધ કરાવે તેને, દોષિત ઠર્યે, છ મહિનાની મુદત સુધીની સાદી કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા થશે.

(૨) જે કોઈ વ્યકિત, મોઢેથી અથવા વંચાય તેવા ઈરાદાથી શબ્દો બોલીને, કંઈપણ વિધાન કરે અથવા પ્રસિદ્ધ કરે અથવા લોકાયુકતને બદનામ કરવાની ગણતરીવાળું અન્ય કોઈ કૃત્ય કરે તેને, દોષિત ઠર્યે, છ મહિનાની મુદત સુધીની સાદી કેદની અથવા દંડની અથવા એ બંનેની શિક્ષા થશે.

(૩) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૧૯૯ની જોગવાઈઓ, સદરહુ કલમ ૧૯૯ની પેટા કલમ (૨)માં ઉલ્લેખેલા ગુના સંબંધમાં તે લાગુ પડે છે તેમ, પેટા-કલમ (૧) અથવા પેટા-કલમ (૨) હેઠળના ગુનાના સંબંધમાં એવા ફેરફારને અધીન રહીને લાગુ પડશે કે આવા ગુના સંબંધમાં કોઈ ફરિયાદ પબ્લિક પ્રોસીકયુટરથી લોકાયુકતની પૂર્વ મંજૂરી સિવાય કરી શકાશે નહિ. સન ૧૯૭૪ નો ૨જો.

રક્ષણ.

૧૮.(૧) આ અધિનિયમ હેઠળ શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવા ધારેલા કોઈ કાર્યના સંબંધમાં લોકાયુકત સામે અથવા કલમ ૧૫માં ઉલ્લેખેલા કોઈ અધિકારી, કર્મચારી, એજન્સી અથવા વ્યકિત સામે કોઈ દાવો, ફોજદારી કામ અથવા અન્ય કાનૂની કાર્યવાહી થઈ શકશે નહિ.

(૨) લોકાયુકતની કોઈ કાર્યવાહી, પદ્ધતિના અભાવે અને હકૂમતના કારણે હોય તે સિવાય અમાન્ય ઠરાવી શકાશે નહિ. લોકાયુકતની કોઈ કાર્યવાહી અથવા તેમનો નિર્ણય કોઈ કોર્ટમાં પડકારી શકાશે નહિ, તેની પુનર્વિચારણા કરી શકાશે નહિ, તે રદ કરી શકાશે નહિ અથવા તેની સામે વાંધો ઉઠાવી શકાશે નહિ.

લોકાયુકતને વધારાનાં કાર્યો સોંપવા બાબત.

૧૯. (૧) રાજ્યપાલ, રાજ્યપત્રમાં જાહેરનામું પ્રસિદ્ધ કરીને અને લોકાયુકત સાથે વિચાર-વિનિમય કર્યા પછી, લોકાયુકતને લાંચરૂશ્વત નાબૂદ કરવા માટે જાહેરનામામાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવાં વધારાનાં કાર્યો સોંપી શકશે.

(૨) રાજ્યપાલ, લેખિત હુકમ કરીને અને લોકાયુકત સાથે વિચારવિનિમય કર્યા પછી, લાંચરૂશ્વત નાબૂદ કરવા માટે રાજ્ય સરકારે સ્થાપેલી એજન્સીઓ; રચેલા સત્તામંડળો અથવા નીમેલા અધિકારીઓ ઉપર હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી દેખરેખ રાખવાની સત્તા લોકાયુકતને આપી શકશે.

(૩) રાજ્યપાલ, લેખિત હુકમ કરીને અને તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તે શરતો અને મર્યાદાને અધીન રહીને, લોકાયુક્તને, કોઈ પગલાંની (જેના સંબંધમાં આ અધિનિયમ હેઠળ લોકાયુક્તને ફરિયાદ કરી શકાય તેવાં પગલાંની) તપાસ કરવા ફરમાવી શકશે અને આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તે છતાં, લોકાયુક્તે આવા હુકમનું પાલન કરવું જોઈશે.

(૪) પેટા-કલમ (૧) હેઠળ લોકાયુક્તને કોઈ વધારાનાં કાર્યો સોંપવામાં આવે અથવા લોકાયુક્તે પેટા-કલમ (૩) હેઠળ કોઈ પગલાંની તપાસ કરવાની હોય, ત્યારે લોકાયુક્ત, આક્ષેપવાળી ફરિયાદ ઉપરથી તપાસ કરવાની બાબતમાં જે સત્તા હોય તે જ સત્તા વાપરશે અને જે કાર્યો બજાવવાનાં હોય તે જ કાર્યો બજાવશે અને આ અધિનિયમની જોગવાઈઓ તદનુસાર લાગુ પડશે.

અમુક વર્ગના જાહેર હોદ્દેદારો સામેની ફરિયાદો બાકાત રાખવાની સત્તા.

૨૦. (૧) લોકાયુક્તની ભલામણ ઉપરથી અને લોકોના હિતમાં, તેમ કરવું આવશ્યક અથવા ઈષ્ટ છે એવી ખાતરી થયેથી, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, તે જાહેરનામામાં નિર્દિષ્ટ કરેલા જાહેર હોદ્દેદારોના કોઈ વર્ગની વ્યકિતઓ સામે આક્ષેપવાળાં ફરિયાદો લોકાયુક્તની હકૂમતમાંથી બાકાત રાખી શકશે.

(૨) પેટા-કલમ (૧) હેઠળ બહાર પાડેલું દરેક જાહેરનામું, તે બહાર પાડવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ તેનું સત્ર ચાલુ હોય, ત્યારે એક જ સત્રમાં અથવા લાગલાગટ બે સત્રો મળીને કુલ ત્રીસ દિવસની મુદત સુધી મૂકવું જોઈશે અને જે સત્રમાં તે એવી રીતે મૂકવામાં આવ્યું હોય તે સત્ર અથવા ત્યારપછી તરત આવતું સત્ર પૂરું થતાં પહેલાં રાજ્ય વિધાન-મંડળ તે જાહેરનામામાં કોઈ ફેરફાર કરવા સંમત થાય અથવા એમ સંમત થાય કે તે જાહેરનામું કરવું જોઈએ નહિ અને આવો નિર્ણય રાજપત્રમાં જાહેર કરે, તો તે જાહેરનામું, આવા નિર્ણયની પ્રસિદ્ધિની તારીખથી, યથાપ્રસંગ, એવા ફેરફાર કરેલા સ્વરૂપમાં જ અમલમાં રહેશે અથવા અમલમાં રહેશે નહિ, પણ તે એ રીતે કે એવો કોઈ ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી તે જાહેરનામાની રૂએ અગાઉ કરેલા કોઈપણ કાર્યની માન્યતાને બાધ આવશે નહિ.

ડિપોઝીટની વ્યવસ્થા.

૨૧. ફરિયાદીએ કલમ ૯ હેઠળ ડિપોઝીટ મૂકેલી રકમ,—

(ક) કલમ ૧૦ની પેટા-કલમ (૪) હેઠળ ફરિયાદની તપાસ કરવાની ના પાડવામાં આવે અથવા તપાસ કરવાનું બંધ રહ્યું હોય તે પ્રસંગે, રાજ્ય સરકારમાં રાજ્યસાત થશે;

(ખ) લોકાયુક્ત, લેખિત નોંધવાના કારણોસર એવી રીતે આદેશ કરે, તો જેની સામે ફરિયાદ કરવામાં આવી હોય તે જાહેર હોદ્દેદારને વળતર આપવા માટે તેનો ઉપયોગ કરવામાં આવશે ; અને

(ગ) બીજા કોઈપણ પ્રસંગે, ફરિયાદીને તે પાછી આપવામાં આવશે.

સોંપવાની સત્તા.

૨૨. લોકાયુક્ત, સામાન્ય અથવા ખાસ લેખિત હુકમ કરીને, એમ ફરમાવી શકશે કે આ અધિનિયમની રૂએ અથવા તે હેઠળ તેમને સોંપેલી કોઈપણ સત્તા અથવા તેમના ઉપર મૂકેલી ફરજો (કલમો ૧૨ અને ૧૩ હેઠળ રાજ્યપાલને રિપોર્ટો કરવાની સત્તા સિવાયની), તે હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવા કલમ ૧૧માં ઉલ્લેખેલા અધિકારીઓ, કર્મચારીઓ અથવા એજન્સીઓ પણ વાપરી શકશે અથવા બજાવી શકશે.

નિયમો કરવાની સત્તા.

૨૩. (૧) રાજ્યપાલ, રાજપત્રમાં જાહેરનામા દ્વારા, આ અધિનિયમની જોગવાઈઓ અમલમાં લાવવાના હેતુ માટે નિયમો કરી શકશે.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી જોગવાઈઓની વ્યાપકતાને બાધ આવ્યા વિના, આવા નિયમોમાં નીચેની બાબતો માટે જોગવાઈ કરી શકાશે:—

(ક) કલમ ૨ના ખંડ (૩)ના પેટા-ખંડ(ગ) હેઠળ તે હેતુ માટે ઠરાવવાનું આવશ્યક હોય તે સત્તામંડળો;

(ખ) કલમ ૫ની પેટા-કલમ (૪) હેઠળ લોકાયુકતને આપવાના ભથ્થાં અને પેન્શન અને તેમની સેવાની અન્ય શરતો;

(ગ) કલમ ૮ની પેટા-કલમ (૩)માં ઉલ્લેખેલ તકરારનો નિર્ણય કરવા માટે, જે રીતે હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિનો અભિપ્રાય મેળવવામાં આવશે તે રીત;

(ઘ) કલમ ૯ની પેટા-કલમ (૨) હેઠળ જે નમૂનામાં ફરિયાદો કરી શકાશે તે નમૂના અને આવા નમૂના સાથે હોય તે સોગંદનામા અને તે કલમની પેટા-કલમ (૪) હેઠળ ફરિયાદીએ, જે રીતે અને જે સત્તાધિકારી અથવા એજન્સી પાસે રકમ અનામત મૂકવી જોઈશે તે રીત અને તે સત્તાધિકારી અથવા એજન્સી;

(ચ) કલમ ૧૧ની પેટા-કલમ (૨) ના ખંડ (છ) હેઠળ લોકાયુકતને જેના સંબંધમાં દીવાની કોર્ટની સત્તા રહેશે તે અન્ય બાબતો;

(છ) કલમ ૧૫ની પેટા-કલમ(૨) હેઠળ નીમવામાં આવે તે અધિકારીઓ અને કર્મચારીઓની કક્ષા, તેમનાં પગાર અને ભથ્થાં તથા નોકરીની અન્ય શરતો અને લોકાયુકતની વહીવટી સત્તા;

(જ) કલમ ૧૬ની પેટા-કલમ (૨) ના ખંડ (ગ) હેઠળ કોઈ માહિતી અથવા વિગતો પ્રગટ કરવા સંબંધી અન્ય જે હેતુઓને તે કલમની પેટા-કલમ (૧)ની જોગવાઈ લાગુ પડશે નહિ તે હેતુઓ અને તે કલમની પેટા-કલમ (૩)ના હેતુ માટે જેઓ નોટિસ આપી શકશે તે અધિકારી અથવા સત્તાધિકારી;

(ઝ) જે ઠરાવવાની હોય અથવા ઠરાવવામાં આવે અથવા જેના સંબંધમાં આ અધિનિયમ કોઈ જોગવાઈ કરતો ન હોય તેવી જે અન્ય કોઈ બાબત રાજ્યપાલના અભિપ્રાય મુજબ આ અધિનિયમના યોગ્ય અમલ માટે જરૂરી છે તે બાબત.

(૩) આ કલમ હેઠળ કરેલા તમામ નિયમો, તે કરવામાં આવે તે પછી, બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ ઓછામાં ઓછા ત્રીસ દિવસ સુધી મૂકવા જોઈશે અને જે સત્રમાં તે એ રીતે મૂકવામાં આવ્યા હોય તે સત્ર દરમિયાન અથવા ત્યારપછીના તરતના સત્ર દરમિયાન વિધાનમંડળ તેમાંથી જે કંઈ રદ કરે અથવા વિધાનમંડળ તેમાં જે કંઈ ફેરફાર કરે તેને તે અધીન રહેશે.

(૪) રાજ્ય વિધાનમંડળ તેવી રીતે જે કંઈ રદ કરે અથવા ફેરફાર કરે તે રાજપત્રમાં પ્રસિદ્ધ કરવામાં આવશે અને તેમ થયે, તેનો અમલ થશે.

સન ૧૯૪૭ નો ૨જો. ૨૪. આ અધિનિયમની જોગવાઈઓ, લાંચ રૂશ્વત નિવારણ અધિનિયમ, ૧૯૪૭ અથવા તે સમયે અમલમાં હોય તેવા અન્ય કોઈપણ કાયદાની જોગવાઈઓ ઉપરાંતની રહેશે અને તેનાથી તેનું અલ્પીકરણ થશે નહિ. આ અધિનિયમની જોગવાઈઓ અન્ય કોઈ કાયદા ઉપરાંતની રહેશે અને તેનાથી તેનું અલ્પીકરણ થશે નહિ.

૨૫. (૧) આ અધિનિયમની જોગવાઈઓ, કોઈ પગલાંના સંબંધમાં આ અધિનિયમ હેઠળ ફરિયાદ કરતી વ્યકિત જે બીજા કોઈ અધિનિયમ અથવા કોઈપણ નિયમ અથવા કોઈ કાયદાની જોગવાઈઓ હેઠળ અપીલ, ફેરતપાસ, પુનર્વિચારણા તરીકે અથવા અન્ય કોઈ રીતે ઉપાય કરી શકે તેની જોગવાઈઓ ઉપરાંતની રહેશે અને આ અધિનિયમમાંના કોઈપણ મજકૂરથી, આવો ઉપાય કરવાનો એ વ્યકિતનો હક મર્યાદિત થશે નહિ અથવા તેને અસર થશે નહિ. અપવાદ.

સન ૧૯૫૨ નો ૬૦મો. (૨) આ અધિનિયમમાંના કોઈ મજકૂરથી, આ અધિનિયમના આરંભ પહેલાં તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨ હેઠળ નીમેલા કોઈપણ તપાસ કમિશનની રચનાને અથવા તેની કામગીરી ચાલુ રાખવાને અથવા સત્તા વાપરવાને બાધ આવે છે એમ તેનો અર્થ થશે નહિ અને એવા આરંભ પહેલાં એવા કમિશન સમક્ષ તપાસ માટે નિર્ણયાર્થે લખી મોકલેલી કોઈ બાબતના સંબંધમાં, આ અધિનિયમ હેઠળ કોઈ ફરિયાદ કરી શકાશે નહિ.

## પહેલી અનુસૂચિ

[જુઓ કલમ ૩(૩)]

હું ........................................................ લોકાયુકત તરીકે નીમાયા પછી, ઈશ્વરને સાક્ષી રાખી સોગંદ લઉં છું/ગંભીરતાપૂર્વક પ્રતિજ્ઞા કરું છું કે હું કાયદાથી સંસ્થાપિત ભારતના સંવિધાન પ્રત્યે સાચી શ્રધ્ધા અને નિષ્ઠા ધરાવીશ તથા હું, વિધિસર અને નિષ્ઠાપૂર્વક તેમજ મારા પૂરા સામર્થ્ય, જ્ઞાન અને નિર્ણય શકિતથી મારા હોદ્દાની ફરજોનું ભય કે પક્ષપાત, રાગ કે દ્રેષ વિના, પાલન કરીશ.

## બીજી અનુસૂચિ

[જુઓ કલમ ૫(૪)]

ખરેખરી સેવા ઉપર ગાળેલા સમય માટે લોકાયુકતને દર મહિને નીચેના દરે પગાર આપવામાં આવશે :—

લોકાયુકત ........................................................ ૪,૦૦૦ રૂપિયા :

પરંતુ લોકાયુકતને ભારત સરકાર અથવા તેની પૂર્વગામી કોઈપણ સરકાર હેઠળની અથવા રાજ્ય સરકાર અથવા તેની પૂર્વગામી કોઈપણ સરકાર હેઠળની કોઈપણ આગલી સેવાના સંબંધમાં (અશકતતા અથવા ઈજા પેન્શન સિવાયનું) પેન્શન મળતું હોય, તો લોકાયુકત તરીકેની સેવા માટે તેમનો પગાર નીચેની રકમથી ઘટાડવામાં આવશે —

(ક) તે પેન્શનની રકમ, અને

સુધારો
ઠરાવ ઠી.
Govt-Gazette
dt. 12-10-1988

(ખ) આવી અગાઉની સેવાના સંબંધમાં તેના લેણા નીકળતા પેન્શનના ભાગને બદલે, તેની રૂપાંતરિત કિંમત તેને મળતી હોય, તો પેન્શનના તે ભાગની રકમ; અને

(ગ) આવી અગાઉની નોકરીના સંબંધમાં નિવૃત્તિ અંગેની ગ્રેચ્યુઈટી તેને મળતી હોય, તો તે ગ્રેચ્યુઈટીને સમકક્ષ પેન્શન.

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

Extra No. 132

REGISTERED NO. G/GNR/2

©

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XXX] THURSDAY, OCTOBER 12, 1989/ASVINA 20, 1911

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

## PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓક્ટોબર, ૧૯૮૯.

તારીખ ૧૨મી ઓક્ટોબર ૧૯૮૯ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪ (અસાધારણ)માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૧૯૮૯ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૨૩નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

ધ. ન. પંડિત,
સરકારના નાયબ સચિવ.

## GUJARAT ACT NO. 23 OF 1989.

## THE GUJARAT LOKAYUKTA (AMENDMENT) ACT, 1989.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૧૯૮૯ના ઓક્ટોબર મહિનાની ૧૧મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આર. એમ. મહેતા,
ગુજરાત સરકારના કાયદા વિભાગના સચિવ.

## GUJARAT ACT NO. 23 OF 1989.

*AN ACT*

*to amend the Gujarat Lokayukta Act, 1986.*

સન ૧૯૮૯નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૨૩.

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૧૯૮૯ના ઓક્ટોબર મહિનાની ૧૨મી તારીખે "ગુજરાત રાજ્યપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬ સુધારવા બાબત અધિનિયમ.

આથી ભારતના ગણરાજ્યના ચાળીસમાં વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :--

ટૂંકી સંજ્ઞા અને આરંભ.

૧. (૧) આ અધિનિયમ 'ગુજરાત લોકાયુક્ત (સુધારા) અધિનિયમ, ૧૯૮૯' કહેવાશે.

(૨) તે સન ૧૯૮૮ના જુલાઈ મહિનાની ૨૬મી તારીખે અમલમાં આવ્યો છે એમ ગણાશે.

સન ૧૯૮૬નો ગુજરાતનો ૩૧મો.

સન ૧૯૮૬ના ગુજરાતના ૩૧મા અધિનિયમની કલમ ૫નો સુધારો

૨. ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૫માં, પેટા-કલમ (૪)માં, પ્રથમ પરંતુકમાં, "હાઈકોર્ટના ન્યાયાધીશને" એ શબ્દોને બદલે, "હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને" એ શબ્દો મૂકવા.

સન ૧૯૮૬ના ગુજરાતના ૩૧મા અધિનિયમની બીજી અનુસૂચિનો સુધારો.

૩. મુખ્ય અધિનિયમમાં, બીજી અનુસૂચિમાં,--

(૧) "[જુઓ કલમ ૫ (૪)]" એ કૌંસ, શબ્દો અને આંકડાને બદલે, "[જુઓ કલમ ૫ની પેટા-કલમો (૩) અને (૪)]" એ કૌંસ, શબ્દો અને આંકડા મૂકવા ;

(૨) "ખરેખરી સેવા ઉપર ગાળેલા સમય માટે" એ શબ્દોથી શરૂ થતા અને "લોકાયુક્ત.......... ૪૦૦૦ રૂપિયા" એ શબ્દો અને આંકડાથી પૂરા થતા ભાગને બદલે, નીચેનો મજકૂર મૂકવો:--

"ખરેખરી સેવા ઉપર ગાળેલા સમય માટે લોકાયુક્તને, હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિને મળવાપાત્ર પગારના સમાન દરે દર મહિને પગાર આપવામાં આવશે.";

(૩) પરંતુકમાં,--

(૧) ખંડ (ખ)માં, "અને" એ શબ્દ કમી કરવો;

(૨) ખંડ (ગ) કમી કરવો.

---

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

Extra No. 119

REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLIV] WEDNESDAY, SEPTEMBER 17, 2003/BHADRA 26, 1925

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarat translation of Bill, Acts and Notification other than these published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩.

તારીખ ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૦૩ ના ગુજરાત રાજપત્ર, (અસાધારણ) માં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા સન ૨૦૦૩ના ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૬ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

ડી. ડી. ઉપાધ્યાય,
સરકારના નાયબ સચિવ.

# GUJARAT ACT NO. 26 OF 2003.
# THE GUJARAT LOKAYUKTA (AMENDMENT) ACT, 2003.

ગુજરાત વિધાનમંડળના નીચેના અધિનિયમને રાજ્યપાલે સન ૨૦૦૩ના સપ્ટેમ્બર મહિનાની ૧૬મી તારીખે અનુમતિ આપી હોવાથી, તે આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

વી. એમ. કોઠારે,
ગુજરાત સરકારના સચિવ,
વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

## GUJARAT ACT NO. 26 OF 2003.
## AN ACT

further to amend the Gujarat Lokayukta Act, 1986.

**સન ૨૦૦૩નો ગુજરાત અધિનિયમ ક્રમાંક : ૨૬.**

(રાજ્યપાલની અનુમતિ મળ્યા પછી, સન ૨૦૦૩ ના સપ્ટેમ્બર મહિનાની ૧૭મી તારીખે "ગુજરાત સરકારી રાજપત્ર"માં (અંગ્રેજીમાં) પ્રથમ પ્રસિદ્ધ કરેલો.)

**ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬ વધુ સુધારવા બાબત અધિનિયમ**

:

આથી, ભારતના ગણરાજ્યના ચોપનમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

૧. આ અધિનિયમ ગુજરાત લોકાયુક્ત (સુધારા) અધિનિયમ, ૨૦૦૩ કહેવાશે. ટૂંકી સંજ્ઞા.

૨. ગુજરાત લોકાયુક્ત અધિનિયમ, ૧૯૮૬ (જેનો ઉલ્લેખ હવે પછી, " મુખ્ય અધિનિયમ " તરીકે કર્યો છે) તેમાં, કલમ ૨માં, ખંડ (૬)માં, — સન ૧૯૮૬ના ગુજરાતના ૩૫મા અધિનિયમની કલમ ૨નો સુધારો.

(૧) પેટા-ખંડ (ખ) માં, " ઉપાધ્યક્ષ " એ શબ્દ જે જે જગ્યાએ આવે છે ત્યાં તેના પછી, " અથવા બિન-સરકારી ડિરેક્ટર અથવા બિન-સરકારી સભ્ય " એ શબ્દો દાખલ કરવા;

(૨) પેટા-ખંડ (ગ)ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :-

"(ગ) મુંબઇ અધિનિયમ અથવા ગુજરાત અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલ અથવા રાજ્ય સરકાર દ્વારા સ્થપાયેલ અને રાજ્ય સરકારની માલિકીના અથવા તેના નિયંત્રણ હેઠળના કોર્પોરેશન અથવા બોર્ડના અધ્યક્ષ અથવા ઉપાધ્યક્ષ અથવા બિન-સરકારી ડિરેક્ટર અથવા બિન-સરકારી સભ્ય;".

સન ૧૯૪૭નો ૨જો. સન ૧૯૮૮નો ૪૯મો.

૩. મુખ્ય અધિનિયમમાં, કલમ ૨૪માં, "લાંચ રુશવત નિવારણ અધિનિયમ, ૧૯૪૭" એ શબ્દો અને આંકડાને બદલે, " લાંચ રુશવત નિવારણ અધિનિયમ, ૧૯૮૮ " એ શબ્દો અને આંકડા મૂકવા. સન ૧૯૮૬ના ગુજરાતના ૩૫મા અધિનિયમની કલમ ૨૪નો સુધારો.

---